
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન જ્યોતિષ : (વિજ્ઞાન)શાસ્ત્ર

## માનવજીવન ઉપર ગ્રહોનું પ્રભુત્વ, યાને અદ્રશ્ય શક્તિનું નિયંત્રણ

સંશોધક
પ્રેમચંદ. મ. મહેતા




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન જ્યોતિષ : (વિજ્ઞાન)શાસ્ત્ર

## માનવજીવન ઉપર ગ્રહોનું પ્રભુત્વ, યાને અદ્રશ્ય શક્તિનું નિયંત્રણ

સંશોધક
પ્રેમચંદ. મ. મહેતા

પ્રકાશક
પ્રેમચંદ મ. મહેતા
રાજા મહેતાની પોળ, લક્ષ્મીનારાયણની પોળ,
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશક : પ્રેમચંદભાઈ મ. મહેતા, રાજા મહેતાની પોળ, અમદાવાદ.

( સર્વ હક્ક સંશોધકને સ્વાધીન છે )

આવૃત્તિ સને. ૧૯૬૭

કિંમત રૂા. [illegible]

મુદ્રક : સંજીવ પ્રિન્ટરી, સલાપસ ક્રોસ રોડ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન

જ્યોતિષ વિષયના જીજ્ઞાસુ મિત્રોને વિજ્ઞપ્તી. મે સવંત ૨૦૦૫ માં જૈન નક્ષત્ર શાસ્ત્રની પુસ્તીકા પ્રગટ કરેલી. પણ નક્ષત્ર પદ્ધતિ વર્તમાન કાળે પ્રચારમાં નહિ હોવાથી સમજી શકાતું નથી તેમ જીજ્ઞાસું મિત્રોએ કહેલું જો રાશી પદ્ધતિથી પ્રગટ કરવામાં આવે તો સારૂ તેથી તે માટેનું સંશોધન કરી અભ્યાસ અનુભવ યથા પ્રાપ્ત સાધનથી આ પુસ્તીકા પ્રગટ કરી છે.

ઈતી શુભમ્
પ્રેમચંદ. મ. મહેતા

# પ્રસ્તાવના

આ જ્યોતિષ વિષયની પુસ્તીકામાં માનવજીવનમાં ઉપસ્થિત થતા શુભ અશુભ પરિણામોની : ફોમુંલા : સુચક કારક તત્વોથી જીવનની પરંપરાનું લક્ષાંક જાણવાની પદ્ધતિ છે. વર્તમાનકાળનું જગતનું જીવન : યંત્રવાદ : યંત્રમય છે. કયારે શું થશે એ કલ્પવું યા તો કહેવું, માનવ જ્ઞાનથી પર છે. પણ સુચકકારક તત્વો માણસને માર્ગદર્શન આપે છે. પુર્વકૃત કર્મ અને વર્તમાનકૃત કર્મ બંનેના સંયોગથી એક નવી વસ્તુ ઉભી થાય છે. તેને નિમિત્ત યાતો કાર્યો અને કારણોની પરંપરા કહેવાય છે. આ બધું અદ્રસ્ય શક્તિને આધીન છે. શુભ પીરીયડમાં અશુભ આચરણ કરવું પ્રત્યક્ષ યાતો અપ્રત્યક્ષ, તેનું પરિણામ પોતાને આધીન નથી તેવી સમજ માનવ-જીવનમાં બહુ ઉપયોગી છે. તેવું સમજીને જીવન જીવનારને જીવનમાં મુશ્કેલીઓ ઓછી આવે છે. અને આવે છે તે બહુ અસર કરતી નથી એનું નામ સદાચારી જીવન કહેવાય છે.

ઈતી શુભમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્યોતિષ શાસ્ત્રની ઉપયોગિતા

જ્યોતિષ શાસ્ત્રો એ ધર્મ શાસ્ત્રોના જમણા અંગરૂપ છે. જ્યાં સુધી માનવજીવનમાં દેહનું આરોગ્ય સારૂ હોય અર્થ પ્રાપ્તીની અનુકુળતા હોય ત્યાં સુધી, ધર્મ અને જ્યોતિષની ઉપેક્ષા હોય છે. પણ આરોગ્ય કે અર્થ પ્રાપ્તીમાં ગુચવણ કે મુંઝવણ ઊભી થાય ત્યારે ધર્મશાસ્ત્રોના જાણકાર ધર્મગુરૂઓ અને જ્યોતિષશાસ્ત્રોના જાણકાર જ્યોતિષીઓ પાસે જવાનું મન થાય છે અને ત્યાંથી માર્ગદર્શન મેળવે છે. શાંતિ અનુભવાય છે.

ઈતી શુભમ્

---

વ્યાકરણ અને વાકયરચનાની ક્ષતિ થયેલી છે, તો તે બદલ ક્ષમા યાચું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્યોતિષ શાસ્ત્ર

કુદરતના નિયમોનું બંધારણ : વ્યવસ્થા : આ વ્યવસ્થા (સ્વયં) ઓટોમેટીક ચાલે છે. જગતનું સંચાલન કરનાર "શક્તિ" અદ્ભુત અદ્રશ્ય, અગમ્યં રીતે ઉત્તપત્તિ સ્થિતિ અને લયના નિયમો ઉપર પ્રભુત્વપણું રાખી જગતનું સંચાલન કરે છે.

આકાશમંડળમાં નક્ષત્રો ગ્રહો પ્રકાશીત છે. તેના તત્ત્વો આ પૃથ્વી ઉપરના જીવો માટે જીવનપોષણ માટે વહયાજ : આવ્યાજ કરે છે.

મનુષ્યજીવન માટે નક્ષત્રો, ગ્રહો અને રાશી અને તેનું : ફળા દેશઃ પ્રભુત્વપણું એ જ જ્યોતિષ શાસ્ત્ર.

## પ્રત્યક્ષ પ્રમાણ માટે

બ્રોડકાસ્ટીંગ અને રેડીયો. જગતના એક છેડે બ્રોડકાસ્ટીંગ થાય છે અને બીજા છેડે રેડીયોમાં સંભળાય છે. એનું જોડાણ કરનાર અદ્રશ્ય શક્તિ છે તે જ તેનું પ્રમાણ છે.

જો રેડીયોનું મીટર બરાબર તેના નંબર ઉપર ન ગોઠવ્યું હોય તો બ્રોડકાસ્ટીંગનું શ્રવણ થતું નથી તેમ આકાશમંડળના ગ્રહોના તત્ત્વો મનુષ્યદેહના મીટર તત્ત્વને સ્પર્શ પામે તો શુભ અશુભ પરીણામો આવે અને સ્પર્શ ન થાય તો કોઈ પરીણામો ઉપસ્થિત થતા નથી એવું આ અદ્રશ્ય શક્તિનું નિયંત્રણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મનુષ્યજીવન ઉપર ગ્રહોના ગુણધર્મનું પ્રભુત્વ

શની વૃત્તી, પ્રકૃતિ, સ્વાર્થ, નીઃસ્વાર્થ સ્થાવર મીલકત, જડતત્ત્વ ક્ષયકારક તત્ત્વ રાજ્ય તત્ત્વ.

ગુરૂ રીદ્ધિ, સીદ્ધિ, પુત્ર પરીવાર, ધન, વિદ્યા, વિજ્ઞાન, ચેતન તત્ત્વ, સ્થિતિકારક તત્ત્વ, પ્રાધાન્ય તત્ત્વ.

મંગળ પ્રવૃત્તિ, કાર્યશક્તિ, કાર્યક્ષેત્ર, કુટુંબ, મિત્રો, પુરૂષાર્થશક્તિ, ઇંદ્રીયો ઉપત્પત્તીકારક તત્ત્વ.

સુર્ય દેહ : શરીર : પીતા પ્રભાવ, આરોગ્ય, પ્રતિષ્ટા, રાજત્વ.

શુક્ર સ્ત્રી, જંગમ સામગ્રી, ભૌતિકતા, ભોગ્યશક્તિ વ્યાપાર, વ્યવહાર, સામાજીકસત્તા, ખજાનચી હોદ્દો.

બુધ વાણી, મધુતા, મૌલીકતા, કંઠના બોલવાના તમામ પ્રકાર, મંત્રી તત્ત્વ.

ચંદ્ર મન, માતા ઇચ્છાઓ, આકાંક્ષા.

રાહુ–કેતુ ઉપદ્રવ, ઉદ્‌વેગ, અશાંતી, વિઘ્નકારક.

## ગ્રહો અને તત્ત્વો

| | | | |
|---|---|---|---|
| અગ્નીતત્ત્વ | સુર્ય | મંગળ | ગુરૂ |
| પ્રમાણુ | જ્વાલા | દીપક | યજ્ઞ |
| વાયુતત્ત્વ | બુધ | | |
| પૃથ્વીતત્ત્વ | શની | શુક્ર | |
| પ્રમાણુ | સ્થાવર | જંગમ | |
| | સ્થિર | વસ્તુઓ | |
| | સામગ્રી | ભૌતિક સામગ્રી | |
| જળતત્ત્વ | ચંદ્ર | | |
| પ્રમાણુ | સમુદ્ર | | |
| | જેટલું | | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાહુ–કેતુ આકાશી પદાર્થો નથી તેથી તેમાં તત્વપણું નથી. જે ગ્રહોની સાથે યુતીમાં હોય તે ગ્રહોના તત્વોને વિકૃત બનાવે છે. તેથી તે ગ્રહોના ગુણધર્મના પ્રભુત્વને વિકૃતરૂપે ભોગવાય–અનુભવાય છે. ઉદ્વેગ અશાંતી વિઘ્ન ઉભા કરે છે. આ હકીકત દરેક વખતે રાહુ યા કેતુ સાથેની યુતીમાં ધ્યાન રાખવી.

## રાશી અને તત્વો

| | | | |
|---|---|---|---|
| | મેષ | સીંહ | ધન |
| અગ્નીતત્વ | ૧ | ૫ | ૯ |
| પ્રમાણ | દીપક | જ્વાલા | યજ્ઞ |
| | વૃષભ | કન્યા | મકર |
| પૃથ્વીતત્વ | ૨ | ૬ | ૧૦ |
| પ્રમાણ | ખેતીવાડીની જમીન | શહેર વિસ્તારની જમીન | જંગલ, સમુદ્ર, સરોવર, સરીતા કાંઠાનો વિસ્તાર. |
| | મીથુન | તુલા | કુંભ |
| વાયુતત્ત | ૩ | ૭ | ૧૧ |
| પ્રમાણ | પવન વંટોળીયો વાવાઝોડું | મધ્યમસર | શ્વાસોશ્વાસની ક્રિયા રૂપ |
| | કર્ક | વૃશ્ચિક | મીન |
| જળતત્વ | ૪ | ૮ | ૧૨ |
| પ્રમાણ | સમુદ્ર જેટલું | સરોવર જેટલું | સરીતા જેટલું |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એક ગ્રહ અને એક રાશી

રાશીના તત્વો સાથે

ગ્રહોના તત્વો તથા ગુણધર્મો વિકાસ વૃદ્ધિ બળવાન કે, નીર્બળ વિષેની પદ્ધતિ.

શની, શુક્ર, અને ચંદ્ર ત્રણમાંથી ગમે તે એક કે વધારે જળ-તત્વની રાશી ૪, ૮, ૧૨ માં હોય તો રાશીના તત્વોના પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મોનો વિકાસવૃદ્ધિ થાય છે. બળવાન બને છે.

| | |
|---|---|
| પૃથ્વી તત્વની રાશી | ૨, ૬, ૧૦ માં હોય તો રાશીના તત્વોના પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મોનો વિકાસ વૃદ્ધિ થાય છે, બળવાન બને છે. |
| અગ્ની તત્વની રાશી. | ૧, ૫, ૯ માં હોય તો રાશીના તત્વોના પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મોનો વિકાસ કે વૃદ્ધિ પામતા નથી, નીર્બળ બને છે. |
| વાયુ તત્વની રાશી. | ૩, ૭, ૧૧ માં હોય તો રાશી તત્વોના પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મોનો વિકાસ કે વૃદ્ધિ પામતા નથી, નીર્બળ બને છે. |

ગુરૂ, સુર્ય અને મંગળ ત્રણમાંથી ગમે તે એક કે વધારે.

| | |
|---|---|
| અગ્ની તત્વની રાશી. | ૧, ૫, ૯ માં હોય તો તત્વોના પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મોનો વિકાસ અને વૃદ્ધિ થાય છે, બળવાન બને છે. |
| વાયુ તત્વની રાશી. | ૩, ૭, ૧૧ માં હોય તો રાશીના તત્વોના પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મોનો વિકાસ વૃદ્ધિ થાય છે, બળવાન બને છે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| પૃથ્વી તત્વની રાશી. | ૨, ૬, ૧૦ માં હોય તો રાશીના પ્રમાણુ મુજબ ગ્રહોના ગુણુધર્મો સમાન પ્રમાણુમાં ટકી રહે છે. સપ્રમાણુ રહે છે, વધઘટ થતી નથી. |
| જળ તત્વની રાશી. | ૪, ૮, ૧૨ માં હોય તો રાશીના તત્વોના પ્રમાણુ મુજબ ગ્રહોના ગુણુધર્મોમાં વિકાસ કે વૃદ્ધિ પામતા નથી. નિર્બળ બને છે. |
| | " બુધ " |
| અગ્ની તત્વની રાશી. | ૧, ૫, ૯ માં હોય તો રાશીના તત્વોના પ્રમાણુ મુજબ ગ્રહના ગુણુધર્મોનો વિકાસ વૃદ્ધિ થાય છે. બળવાન બને છે. |
| વાયુ તત્વની રાશી. | ૩, ૭, ૧૧ માં રાશીના તત્વોના પ્રમાણુ મુજબ ગ્રહના ગુણુધર્મોનો વિકાસ વૃદ્ધિ થાય છે. બળવાન બને છે. |
| પૃથ્વી તત્વની રાશી. | ૨, ૬, ૧૦ માં રાશીના તત્વોના પ્રમાણુ મુજબ ગ્રહના ગુણુધર્મો ટકી રહે છે. સમ-પ્રમાણુ રહે છે. |
| જળ તત્વની રાશી. | ૪, ૮, ૧૨ માં રાશીના તત્વોના પ્રમાણુ મુજબ ગ્રહના ગુણુધર્મો વિકાસ વૃદ્ધિ પામતા નથી. નીર્બળ બને છે. |
| રાહુ કે કેતુ. | કોઇ આકાશી પદાર્થ નથી તેથી તેના ગુણુધર્મ વિકાસ વૃદ્ધિ બળવાન કે નિર્બળ થતા નથી. જે ગ્રહની સાથે યુતીમાં હોય તે ગ્રહના ગુણુધર્મોને વિકૃત કરે છે. અને જે રાશીમાં યુની હોય તે રાશીના તત્વો અને તેના પ્રમાણુ મુજબ અશુભ તત્વોનો ભોક્તા બનાવે છે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવજીવન ઉપર રાશીના તત્વો અને પ્રમાણ મુજબ ગ્રહોના ગુણધર્મો, ધાર્મીક દૃષ્ટિએ વ્યવહારીક દૃષ્ટિએ અને રાજ્યકારણની દૃષ્ટિએ ગ્રહોના પ્રભુત્વથી અદ્રશ્ય શક્તિનાં નિયંત્રણથી થતા ફેરફારો કાર્યો અને કાર્યોની પરંપરા.

| | |
|---|---|
| ૧, અને ૭,ની રાશીમાં | જે ગ્રહો પડેલા હોય તે ગ્રહોના ગુણધર્મો ત્યાગભાવનાથી તમામ કાર્યો કરે છે. અને કરાવે છે. રાશીના તત્વનાપ્રમાણ મુજબ. |
| ૪, અને ૧૦ની રાશીમાં | જે ગ્રહો પડેલા હોય તે ગ્રહોના ગુણધર્મો સ્વયંસ્વાર્થ સિવાય કોઈ કાર્ય કરતા નથી અને કરાવતાં નથી. રાશીના તત્વના પ્રમાણ મુજબ. |
| ૨, અને ૮,ની રાશીમાં | જે ગ્રહો પડેલા હોય તે ગ્રહોના ગુણધર્મો સંગ્રહવૃત્તીથી દરેક કાર્યો કરે છે અને કરાવે છે. રાશીના તત્વના પ્રમાણ મુજબ. |
| ૫, અને ૧૧ની રાશીમાં | જે ગ્રહો પડેલા હોય તે ગ્રહેના ગુણધર્મો સ્વાર્થ અને પરમાર્થથી દરેક કાર્યો કરે છે અને કરાવે છે. રાશીના તત્વના પ્રમાણ મુજબ. |
| ૩, અને ૯,ની રાશીમાં | જે ગ્રહો પડેલા હોય તે ગ્રહોના ગુણધર્મો સેવાભાવનાથી ત્યાગભાવનાથી દરેક કાર્યો કરે છે અને કરાવે છે. રાશીના તત્વના પ્રમાણ મુજબ. |
| ૬, અને ૧૨ની રાશીમાં | જે ગ્રહો પડેલા હોય તે ગ્રહોના ગુણધર્મો ધાર્મિક અને વ્યવહારીક ભાવનાથી દરેક કાર્યો કરે છે અને કરાવે છે. રાશીના તત્વના પ્રમાણ મુજબ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગતમાં રાજકરણી પુરૂષો, સમાજસુધારકો, ઉદ્યોગપતિ, ધનાઢયો, ધર્મગુરૂઓ, નેતાઓ, વિદ્વાનો, મહંતપુરૂષો, નામાંકીત વ્યક્તિઓ, રાશીમાં અમુક "પોઈંટ" અંશના ગ્રહ હોય ત્યારે જ જન્મેલા હોય છે.

| | | | |
|---|---|---|---|
| | મેષ | સીંહ | ધન |
| | ૧ | ૫ | ૯ |
| અંશો | ૧૦ ને-૧૪ | ૬-૧૯ ને-૨૭ | ૮-૧૦-૧૮-ને ૨૧ |
| | મીથુન | તુલા | કુંભ |
| | ૩ | ૭ | ૧૧ |
| અંશો | ૪ ને ૨૯ | ૦-૧-ને ૨૧ | ૧૭ ને-૩૦ |
| | વૃષભ | કન્યા | મકર |
| | ૨ | ૬ | ૧૦ |
| અંશો | ૬-૧૬ ને ૩૦ | ૧૯ | ૮ ને ૨૩ |
| | કર્ક | વૃશ્ચિક | મીન |
| | ૪ | ૮ | ૧૨ |
| અંશો | ૧૫ ને ૧૯ | ૮ ને ૧૫ | ૨૦ ને ૨૬ |

**ગ્રહોના કિરણો : રંગો : નું માનવજીવન ઉપરનું પ્રભુત્વ**

રંગો

| શની | ગુરૂ | મંગળ | સુર્ય | શુક્ર | બુધ | ચંદ્ર |
|---|---|---|---|---|---|---|
| કાળી | પીળો | લાલ | સાતરંગ | સફેદ | આછોપીળો | સફેદ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુર્યના કિરણો રંગોનું પ્રત્યક્ષ પ્રમાણ માટે ત્રિકોણ કાચ સુર્યના તેજમાં રાખવાથી તેમાંથી ત્રણ કલરની છાયાનું ઝુમખુ પડશે. લાલ, પીળો અને વાદળી આ ત્રણ રંગોનું ઝુમખુ અને તેના મિશ્રણથી જાબલી તથા લીલો અને સુવર્ણ રંગ દેખાય છે. આ રંગોના મૂળ તત્વો છે.

## રંગોના મિશ્રણથી માનવજીવન ઉપર થતી અસરો

શની અને ગુરૂ જેની જન્મકુંડળીમાં યુતીમાં હોય, વાદળી અને પીળો રંગ મિશ્રણ થવાથી લીલો રંગ થયો તેથી તેનું માનવ-જીવન સુખી થાય. લીલા કલરથી જીવન લીલી વાડી જેવું સમાજમાં ગણાય, સુખી ગણાય છે.

| | |
|---|---|
| શની અને મંગળની યુતીમાં | વાદળી અને લાલ રંગથી કાળો રંગ થાય તેથી તે માનવની જીંદગીમાં અવારવનાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે. |
| શની અને સુર્યની યુતીમાં | સુર્યના સાત કલરમાં વાદળી રંગનો વધારો થાય છે તેથી માનવની જીંદગીમાં પ્રતિષ્ટાને ધક્કો લાગે તેવા બનાવો બને છે. |
| શની અને શુક્ર ની યુતીમાં | વાદળી અને સફેદ મિશ્રણ થવાથી સફેદ રંગ પણ વાદળી થઇ જાય તેથી વૈભવ સામગ્રી તથા હોદ્દો અને સત્તાને જીવનમાં ધક્કો લાગે. |
| શની અને બુધની યુતીમાં | વાદળી રંગમાં આછો પીળો રંગ મિશ્રણ થવાથી આછો લીલો કલર |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે આ કલરથી માનવજીવનમાં અભ્યાસી જ્ઞાનથી વંચીત રહે છે અને કદાચ મેળવે છે તો પોતાના હિતમાં ઉપયોગી થઇ શકતું નથી.

શની અને ચંદ્રની યુતીમાં — જેમ પાણીમાં ગમે તે રંગ મેળવવાથી પાણીનો રંગ બદલાઈ જાય છે તેમ આ મિશ્રણ વાદળી થઈ જાય છે. આ કલરથી માનવજીવન નિશ્ચયબળ વગરનું બને છે અને ઘણી વખત કારણ વગર પણ અસત્ય બોલવાનું બને છે.

ગુરૂ અને મંગળની યુતીમાં — પીળો અને લાલ કલરનું મિશ્રણ સુવર્ણ કલર બને છે. આ કલરથી માનવજીવન પોતાના ક્ષેત્રમાં ઘણા ઉંચા પ્રકારનું જીવન જીવે છે.

ગુરૂ અને સુર્યની યુતીમાં — સુર્યના સાત કલરમાં પીળા રંગનો વધારો થાય છે. તેથી માનવજીવનમાં પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે.

ગુરૂ અને શુક્રની યુતીમાં — સફેદ રંગ પીળો થવાથી માનવજીવનની જીંદગી સુખમાં જાય છે.

ગુરૂ અને બુધની યુતીમાં — પીળામાં પીળા કલરનું મિશ્રણ થવાથી માનવજીંદગીમાં કોઈ નવીન–શોધ ધર્મ કે વિજ્ઞાન પ્રાપ્ત કરે છે.

ગુરૂ અને ચંદની યુતીમાં — સફેદ રંગમાં પીળા રંગનું મિશ્રણ થવાથી પીળો રંગ થાય છે. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવજીંદગીમાં આધ્યાત્મિક શક્તિ મેળવવાનો અભ્યાસ કરવાની પ્રેરણા આપે છે.

મંગળ અને સુર્યની યુતીમાં — લાલ રંગ સુર્યના સાત રંગોમાં વધારો થાય છે. તેથી તે માનવીનીજીંદગીમાં ગરમીના દરદો થવાનો સંભવ છે.

મંગળ અને શુક્રની યુતીમાં — સફેદ અને લાલ રંગનું મિશ્રણ થવાથી લાલ રંગ જ થાય તેથી માનવજીંદગીમાં વિષયની લોલુપતા ઉત્પન થાય.

મંગળ અને બુધની યુતીમાં — લાલ અને આછો પીળો રંગ મિશ્રણ થવાથી આછો સોનેરી કલર થવાથી તે માનવની જીંદગીમાં સંગીત, ગાયન, વાજીંત્રોનો શોખ ઉત્પન્ન થાય છે.

મંગળ અને ચંદ્રની યુતીમાં — લાલ અને સફેદ રંગનું મિશ્રણ થવાથી લાલ કલર થઈ જાય છે. આ મિશ્રણ થવાથી માનવને પ્રપંચી, તસ્કરની સોબતની અસર જલ્દી થઇ જાય છે.

સુર્ય અને શુક્રની યુતીમાં — સુર્યના સાત કલરમાં શુક્રનો સફેદ કલર મિશ્રણ થવાથી કલરમાં કલર મિશ્રણ થઈ જાય છે. આ માનવ-જીંદગીમાં દરેક વસ્તુનો ભોક્તા બને છે.

સુર્ય અને બુધની યુતીમાં — સુર્યના સાત કલરોમાં આછા પીળા રંગનું મિશ્રણ થવાથી પીળા રંગમાં વધારો થાય છે. તેથી માનવજીંદગીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| | વ્યવહારુ કાર્યોમાં પારંગત હોંશીયાર થાય છે. |
| સુર્ય અને ચંદ્રની યુતીમાં | ચંદ્રનો સફેદ કલર સુર્યના સાત કલરોમાં મીશ્રણ થઈ જાય છે. તેથી માનવ જીંદગીમાં કોઈ ધ્યેય વગરનુ જીવન બની જાય છે. |
| શુક્ર અને બુધની યુતીમાં | સફેદ અને આછો પીળો રંગ મીશ્રણ થવાથી પીળા રંગનું પ્રમાણ ઘટી જાય છે. માનવજીંદગીમાં મધુતા ઉત્પન્ન થાય છે. |
| શુક્ર અને ચંદ્રની યુતીમાં | સફેદ અને સફેદ રંગ મીશ્રણ થવાથી રંગનું પાણી ડહોળાઈ જાય જેવું બને છે. માનવજીવન ડહોળાયેલું બને છે. |
| બુધ સાથે ચંદ્રની યુતીમાં | સફેર અને આછો પીળો રંગ મીશ્રણ થવાથી પીળા રંગનું પ્રમાણ ઓછું થાય છે. અતિવિવેકી ખુશામતમય જીવન બને છે. |

રાહુ યા કેતુની સાથેનું મીશ્રણ વિરોધી તત્વવાળું બને છે. તે ખાસ ધ્યાન રાખવું. યુતીનું અંતર આઠ અંશ સુધીનું સુર્ય અને ચંદ્રની સાથે પંદર અંશ સુધીનું ગણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રહની યુતીઓનું પ્રભુત્વ

| | |
|---|---|
| શની અને ગુરૂની યુતીમાં | ધનવાન થવાનો યોગ છે. જીવનમાં અચુક ધનવાન થાય છે પ્રમાણુ રાશીના બળવાનપણા ઉપર છે. સ્થાવર તથા જંગમ સામગ્રીનો ભોક્તા બને છે. |
| શની સામે મંગળની યુતીમાં | ભોગ્ય સામગ્રી હોવા છતાં ભોગવવાના અંતરાયો ઉભા થાય છે. સ્વભાવ જક્કી અને જીદ્દી હોય છે. શાસ્ત્રોક્ત વાંચનથી દલીલવાદી હોય છે. કોઈ વખત સ્વભાવગુણથી પ્રવૃત્તિમાં અસફળતા પામે છે. |
| શની સાથે સુર્યની યુતીમાં | ધર્મપ્રવૃત્તિ, અલ્પબુદ્ધિ, શત્રુઓથી પરાજય વારસાહક્કમાં અવરોધ ઊભો થાય છે પતિષ્ટા અલ્પ, આરોગ્ય નબળું બને છે. |
| શની સાથે શુક્રની યુતીમાં | સંપત્તી અલ્પ, હુન્નરી, શિલ્પી, ચિત્રકાર અસંતોષી મેળવેલું ગુમાવવું દરેક ક્ષેત્રમાં પરાજીત બને છે. ભૌતિક સામગ્રી વસાવે અને ગુમાવે છે. સ્ત્રી સાથે જીવન શાંતીમય રહેતું નથી, ભોગવાતું નથી. |
| શની અને બુધની યુતીમાં | વાણીની કડવાશથી કઠોરતાપણું લાગે છે. ચંચળ સ્વભાવ કલેશમય ધર્મી. વિદ્યાભ્યાસ ને ધનથી મુક્ત. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શનીની સાથે ચંદ્રની યુતીમાં — વાણીવચનની કિંમત વગરનો વિશ્વાસ ગુમાવનારો સદાચાર વગરનો સ્ત્રીઓમાં પ્રીતી, સ્થાવર મિલ્કતવાળો, મનની નીર્બળતાથી અધુરી આકાંક્ષાવાળો.

એક ગ્રહથી બીજો ગ્રહ આઠ અંશ સુધી નજીક હોય તો યુતીનું પ્રભુત્વ રહે છે. બીજી રાશીમાં હોવા છતાં અંતર આઠ અંશ સુધીનું થાય તો પ્રભુત્વ પ્રમાણે યોગ બને છે.

ગુરૂ સાથે મંગળની યુતી — દરેક ક્ષેત્રમાં સફળતા પામે છે. ઉતરોતર પ્રગતિ થાય છે. વ્યવહારીકતા હોય છે. રાજકરણી, કુશળતા, ગણિતશાસ્ત્ર, કાયદા શાસ્ત્રની કુશળતા, વકીલ, બેરીસ્ટર, જજ્જ, યા તો ન્યાય ખાતાની કાર્યવાહીમાં સમાવેશ થાય છે.

ગુરૂ સાથે સુર્યની યુતી — પરોપકારી, સમૃદ્ધિવાન, વારસાઓનો હક્કદાર, આરોગ્યવાળો, શ્રદ્ધાવાળો, પ્રતિષ્ટાવાળો અને ધનવાન થાય છે.

ગુરૂ સાથે શુક્રની યુતી — દરેય ક્ષેત્રમાં સફળતાવાળો, ભોગ્ય સુખવાળો, વૈભવ સામગ્રીની સમૃદ્ધિવાળો, સત્તાધીશ, શ્રેષ્ઠસ્ત્રીઓનો ભોક્તા બને છે.

ગુરૂ સાથે બુધની યુતી — સંગીત નૃત્યકળા, આદિ ક્ષેત્રમાં સફળતાવાળો, અર્થપ્રાપ્તીની અભ્યાસની ડીગ્રીવાળો, મધુરવાણી, જનકલ્યાણકરવાવાળો, ઉત્તમ પ્રકારના શાસ્ત્રોનો રચનાર, વક્તા, આત્મબળ, યોગબળ ને જ્ઞાનનો જાણકાર બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ગુરૂ સાથે ચંદ્રની યુતી | નમ્રતા ગુપ્તશક્તિ : ગુપ્તવાતો : નો જાણકાર, મંત્ર, તંત્ર તથા ગુપ્ત રહસ્યો જાણવાવાળો, પરોપકારી, આત્મબળ-વાળો, શુભ ઇચ્છાઓ પુરી કરવાવાળો બને છે. |
| મંગળ સાથે સુર્યની યુતી | તીખા સ્વભાવવાળો, અલ્પ સંપત્તી દેહનું બંધારણ સુકું, ઉંચાપણું, પાતળાપણું પડવાથી, વાગવાથી દાઝવાથી શરીર ઉપર નિશાન થાય, તાવ યા તો બીજી બીમારીથી ચહેરો ખરાબ થાય. |
| મંગળ સાથે શુક્રની યુતી | પ્રપંચી, વિષયી, અભિમાની, સ્ત્રીઓમાં લોલુપ્ત બને છે. |
| મંગળ સાથે બુધની યુતી | વૈદ્ય, ડોકટર, વકતા, શિલ્પી, સ્ત્રીઓ ભોગવનાર, સંગીત નૃત્યકળાનો જાણકાર, ઉદ્યોગોના ક્ષેત્રમાં માલીક યા મેનેજર બને છે. |
| મંગળ સાથે ચંદ્રની યુતી | માતાના પક્ષમાંથી ધન મેળવનાર યા તો ગુપ્તધન પ્રાપ્ત કરનાર, પ્રપંચથી ધન મેળવવાની વૃત્તીવાળો, કુ:સંસ્કારવાળાનો સહવાસ સોબત થઇ જાય તો સમાજથી ભ્રષ્ટ અને રાજ્ય કાનુનથી બંધન થાય છે. |
| સુર્ય સાથે શુક્રની યુતી | શ્રેષ્ઠ બુદ્ધિ, સંગીતકાર મિત્રોવાળો વ્યવહારીક પ્રતિષ્ઠિત સમાજમાં મોભાદાર વ્યક્તિ બને છે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| સુર્ય સાથે બુધની યુતી | મધુરવાણીથી ધન મેળવનાર વિદ્યા અભ્યાસ કરવાવાળો, ડીગ્રી મેળવનાર ડીગ્રીથી અર્થ પ્રાપ્તી કરવાવાળો બને છે. |
| સુર્ય સાથે શુક્ર તથા બુધની યુતી | વાળો ગર્ભશ્રીમંત હોય છે. નીર્ધન પણ ધનવાન બને છે. જીવનમાં ધનપ્રાપ્તી જરૂર થાય છે. |
| સુર્ય સાથે ચંદ્રની યુતી | માતાપિતાના સુખ વગરનો, અકર્મી, અહંભાવી સ્ત્રીઓને વશ થનાર બને છે. યોગાનુયોગ ધાર્મિક ક્ષેત્રનો સહકાર મળે તો યોગી બને છે. |
| શુક્ર સાથે બુધની યુતી | ગુણવાન' પ્રીતીવાન, સ્વરૂપવાન, સંગીત, ગાવું, ગાબા–બજાવવામાં કુશળ અને આનંદી બને છે. |
| શુક્ર અને ચંદ્રની યુતી | વ્યસની, વિધર્મી, નાસ્તીક બને છે. સદાચાર રહીત અશક્ત રોગયુક્ત બને છે. |
| બુધ અને ચંદ્રની યુતી | દયાળુ, કાંતીવાન, મધુરવાણી, સ્ત્રીઓમાં પ્રીતીવાળો, માનસીકબુદ્ધિ અલ્પ હોય છે. |

કોઇ પણ યુતીમાં રાહુ યા કેતુ હોય તો વિકૃત ફળ ભોગવાય છે. યુતીનું એક ગ્રહથી બીજા ગ્રહનું અંતર આઠ અંશ સુધીનું હોવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દીન દશા યાને અંતર દશા

માનવ જન્મે ત્યારે ચંદ્ર જે નક્ષત્ર ઉપર હોય તે નક્ષત્ર તેના મનનું મીટર : માનસીક આરોગ્ય : નક્ષત્ર : આ નક્ષત્રથી શુભાશુભ પરિણામો જાણવા, ગણવા કે સમજવા માટેનો કોઠો યાને પદ્ધતિ.

**નક્ષત્ર યંત્ર બનાવવું કે નક્ષત્ર કોઠો બનાવવો જેને સહેલું લાગે તે બનાવવું.**

દીનદશા યાને અંતર દશા જન્મના ચંદ્ર નક્ષત્ર પદ્ધતિ ઉપરથી :

| | | | | |
|---|---|---|---|---|
| ૧. અશ્વની | ૧૦. મઘા | ૧૯. મૂળ | શુભ : | મધ્યમ પ્રયાણુતાજ્યઃ |
| ૨. ભરણી | ૧૧. પૂ–ફા. | ૨૦. પુ–ષા. | શુભ | લાભકારી |
| ૩. કૃતીકા | ૧૨. ઉ–ફા. | ૨૧. ઉ–ષા. | અશુભ | પ્રતિકુળતાવાળુ |
| ૪. રોહીણી | ૧૩. હસ્ત | ૨૨. શ્રાવણ | શુભ | સુખાકારી. |
| ૫. મૃગશર | ૧૪. ચીત્રા | ૨૩. ધનીષ્ટા | અશુભ | કષ્ટકારી. |
| ૬. આદ્રા | ૧૫. સ્વાતી | ૨૪. સતભિષા | શુભ | ઇચ્છીતકાર્યકારી. |
| ૭. પુનર્વસુ | ૧૬. વિશાખા | ૨૫. પૂ–ભા | અશુભ | ખર્મકારક |
| ૮. પુષ્ય | ૧૭. અનુરાધા | ૨૬. ઉ–ભા | શુભ | મિત્રથીલાભ |
| ૯. અસલેષા | ૧૮. જેષ્ઠા | ૨૭. રેવતી | શુભ | મિત્રોથીલાભ |

જન્મનું અશ્વીની નક્ષત્ર ચંદ્રનું હોય તેને સુર્ય ગોચર ભ્રમણમાં ૧, ૧૦, ૧૯ માં નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે પ્રયાણ કરવું નહિ.

સુર્ય ગોચર ભ્રમણમાં ૨, ૧૧, ૨૦માં નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે લાભ થાય.

સુર્ય ગોચર ભ્રમણમાં ૩, ૧૨, ૨૧માં નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે પ્રતિકુળતાઓ ઉભી થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુર્ય ગોચર ભ્રમણમાં ૪, ૧૩, ૨૨,માં નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે આરોગ્ય સારૂં રહેશે. મનતું

સુર્ય ગોચર ભ્રમણમાં ૫, ૧૪, ૨૩, મા નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે કષ્ટકારી દીવસો પ્રસાર થાય,

સુર્ય ગોચર ભ્રમણમાં ૬, ૧૫, ૨૪, મા નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે ઇચ્છીકાર્યો થાય.

સુર્ય ગોચર ભ્રમણમાં ૭, ૧૬, ૨૫, મા નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે ખર્ચ વધારે થાય છે.

સુર્ય ગોચર ભ્રમણમાં ૮, ૧૭, ૨૬, મા નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે મિત્રથી લાભ.

સુર્ય ગોચર ભ્રમણમાં ૯, ૧૮, ૨૭, મા નક્ષત્ર ઉપર ફરતો હોય ત્યારે મિત્રના મિત્રોથી લાભ થાય.

અંતર દશા : દીન દશા : દર વરસે નિયમિત પ્રમાણે આવે છે. તેમાંથી સુક્ષમ દિવસ પણ નીકળે છે. સુર્ય નક્ષત્રોના દિવસોમાં ચંદ્ર નક્ષત્ર ગોચરનું જે દિવસે સુર્ય નક્ષત્રની સાથે સંબંધ કરતા હોય તે દિવસ : એક : શુભાશુભ ગણવો.

સુર્ય શુભ નક્ષત્રો ઉપર ભ્રમણ કરતા હોય ત્યારે ચંદ્ર શુભ નક્ષત્ર ઉપર આવે ત્યારે તે દિવસ શુભ.

સુર્ય અશુભ નક્ષત્રો ઉપર ભ્રમણ કરતો હોય ત્યારે ચંદ્ર અશુભ નક્ષત્ર ઉપર આવે ત્યારે તે દિવસ અશુભ.

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનું ચંદ્રનું જન્મનક્ષત્ર જે હોય ત્યાંથી એક ગણી બીજા નક્ષત્રો ગોઠવવા અગર ગણવા અને ઉપર મુજબ પોતાના શુભ અશુભ દિવસો ગણી રાખવા.

: દીન દશા : અંતર દશા સંપૂર્ણ.

## નક્ષત્ર યંત્ર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## : મહાદશા :

માનવજીવનમાં જન્મના સુર્ય નક્ષત્ર ઉપરથી જીવનમાં શુભ અશુભ વખત : કાળ : પીરીયડ કયા કયા વરસોમાં આવશે તે જાણવા માટેનો નક્ષત્રોનો કોઠો મહાદશા, જન્મનું સુર્ય નક્ષત્ર એ માનવ-જીવનનું મીટર પદ્ધતિ.

| | | |
|---|---|---|
| ૧. અશ્વની | ૧૦. મઘા | ૧૯. મૂળ |
| ૨. ભરણી | ૧૧. પૂ-ફા. | ૨૦. પૂ-ષા. |
| ૩. કૃતીકા | ૧૨. ઉ-ફા. | ૨૧. ઉ-ષા. |
| ૪. રોહીણી | ૧૩. હસ્ત | ૨૨. શ્રાવણ |
| ૫. મૃગસર | ૧૪. ચીત્રા | ૨૩. ધનીષ્ટા |
| ૬. આદ્રા | ૧૫. સ્વાતી | ૨૪. સમભીષા |
| ૭. પુર્નવસુ | ૧૬. વિશાખા | ૨૫. પૂ-ભા |
| ૮. પુષ્ય | ૧૭. અનુરાધા | ૨૬. ઉ-ભા. |
| ૯. અશ્લેષા | ૧૮. જેષ્ટા | ૨૭. રેવતી |

જન્મ વખતે જે નક્ષત્ર ઉપર સુર્ય હોય તે નક્ષત્ર ૧થી ગણી ૨૭ નક્ષત્ર સુધી આ મુજબ કોઠો યાતો નક્ષત્રયંત્ર બનાવવું અશ્વની ઉપર સુર્ય હોય તો અશ્વીની ૧ને રેવતી ૨૭ મઘા ઉપર સુર્ય હોય તો મઘા ૧ને અસલેષા ૨૭ આ પ્રમાણે કોઠો યાતો નક્ષત્રયંત્ર બનાવીને ગણવું.

જન્મ વખતે સુર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રથી બીજા ગ્રહો કયા કયા નક્ષત્રો ઉપર છે. તે નક્ષત્રો ઉપર બીજા ગ્રહો મુકવા તેથી તેના ગુણધર્મો અનુકૂળ છે કે પ્રતિકૂળ છે તે જાણી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર મુજબનો કોઠો કે નક્ષત્રયંત્ર બનાવવાથી જન્મ કુંડલીનો કોઠો કે યંત્ર બની જાય છે. કયા ગ્રહો માનવજીંદગીમાં લાભકારી છે: શુભ: અને લાભકારી નથી: અશુભ: તે જાણી શકાય છે.

## નક્ષત્રયંત્ર કે કોઠો બનાવ્યા પછી જોવાની પદ્ધતિ

જન્મના સુર્ય નક્ષત્રની સાથે શની અગર મંગળ યાતો ચંદ્ર કે રાહુ અગર કેતુ ગમે તે એક કે વધારે ગ્રહો હોય તે લાભકારી નથી. તે ગ્રહોના ગુણધર્મો સુખરૂપે ભોગવાતા નથી.

જન્મના સુર્ય નક્ષત્રની સાથે ગુરૂ, શુક્ર યા બુધ ગમે તે ગ્રહ હોય તે લાભકારી છે. તેના ગુણધર્મો સુખરૂપે ભોગવાય છે.

જન્મના સુર્ય નક્ષત્રથી ૧૦ અને ૧૯મા નક્ષત્ર ઉપર કોઈ પણ ગ્રહ હોય તે લાભકારી છે. તે ગ્રહના ગુણધર્મ લાભકારી છે. સુખરૂપે ભોગવાય છે.

જન્મના સુર્ય નક્ષત્રથી શુભ કે અશુભ અનુકૂળ કે પ્રતિકૂળ-પણામાં કયા કયા નક્ષત્રો ઉપર ગ્રહો હોય તે નીચે મુજબથી જાણી શકાય છે.

| શુભ અનુકુળપણું | અશુભ પ્રતિકૂળપણું |
|---|---|
| ૨, ૧૧, ૨૦ | ૩, ૧૨, ૨૧ |
| ૪, ૧૩, ૨૨ | ૫, ૧૪, ૨૩ |
| ૬, ૧૫, ૨૪ | ૭, ૧૬, ૨૫ |
| ૮, ૧૭, ૨૬ | |
| ૯, ૧૮, ૨૭ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર મુજબ અનુકુળપણામાં કે પ્રતિ–કુળપણામાં ગ્રહો પડ્યા હોય તો તે મુજબ પ્રતિકુળપણું કે અનુકુળપણું સુખરૂપ યાતો દુઃખ-રૂપ ભોગવાય છે. સાધન–સામગ્રી વસ્તુ પ્રાપ્ત હોવા છતાં સુખરૂપે ભોગવાતી નથી અને વસ્તુ પ્રાપ્ત ન હોવાં છતાં વસ્તુ ભોગવવા માટેના સંજોગો પ્રાપ્ત થાય છે. જે ગ્રહો જ્યાં હોય તેના ગુણધર્મો બદલાતા નથી પણ વસ્તુ ભોગવવા માટેની અનુકુળતા અને પ્રતિકુળતાઓ ઊભી થાય છે એજ અદશ્ય શક્તિનું નિયંત્રણ છે. શુભ એટલે અનુકુળતાપણું સુખરૂપે ભોગવવું. અશુભ એટલે પ્રતિકુળતાપણું દુઃખરૂપે ભોગવવું.

નક્ષત્રયંત્ર કે નક્ષત્ર કોઠો બનાવી જાણી લેવું. હવે કયા કયા વરસોમાં અનુકુળ શુભ, પ્રતિકુળ અશુભ આવશે તે જાણવા જોવા માટેની પદ્ધતિ.

## માનવજીવન ઉપર અદ્રશ્ય શક્તિનું નિયંત્રણ

**ઉત્પત્તી સ્થિતિ** અને **લયના** નીયમોથી ઓટોમેટીક ચાલે છે. પ્રત્યક્ષ પ્રમાણ જાણવા માટેની પદ્ધતિ સુર્યના પ્રકાશમાં ત્રિકોણ કાચ રાખવાથી સાત કલરોનું ઝુમખું પડે છે. તેમાં મૂળ રંગ

| લાલ | પીળો | વાદળી |
|---|---|---|
| ઉત્પત્તી | સ્થિતિ | લય |
| મંગળ | ગુરૂ | શની |

આ ત્રણે રંગોના મીશ્રણથી બીજા રંગો બને છે. મૂળ સિદ્ધાંત ઉત્પતી, સ્થિતિ અને લયના નિયમોનો છે. આ રંગો અને ગ્રહોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્વોથી માર્ગદર્શન મેળવાય છે. અશુભ વખત જાણવા માટે લય કારક શનીના ભ્રમણથી માર્ગદર્શન મળે છે.

શુભ વખત જાણવા માટે સ્થિતિકારક ગુરૂના ભ્રમણથી માર્ગદર્શન મળે છે.

પુરૂષાર્થવૃત્તી જાણવા માટે ઉત્પતીકારક મંગળના ભ્રમણથી માર્ગ-દર્શન મળે છે.

માનવજીવનમાં શુભ, અશુભ વખત કયારે કયાર આવશે તેનું માર્ગદર્શન શની અને ગુરૂના ભ્રમણથી મેળવી શકાય છે. મંગળાથી સુક્ષ્મ માર્ગદર્શન મળે છે.

માનવજીવનનું જન્મનું સુર્ય નક્ષત્ર એ એનું મીટર છે. આ જન્મ નક્ષત્રથી ગુરૂ, ભ્રમણમા, ૧-૧૦-૧૯; ૨-૧૧-૨૦; ૪-૧૩-૨૨; ૬-૧૫-૨૪; ૮-૧૭-૨૬; ૯-૧૮-૨૭; આ નક્ષત્રો ઉપર આવે ત્યારે શુભ વખત : પીરીયડ : ચાલે છે

શની. ૧, ૩-૧૨-૨૧; ૫-૧૪-૨૩; ૭.-૧૬-૨૫ આ નક્ષત્રો ઉપર આવે ત્યારે અશુભ વખત : પીરીયડ : ચાલે છે.

મંગળનું ભ્રમણ શુભ નક્ષત્રોમા ગુરૂને સબંધ કરે છે.

મંગળનું ભ્રમણ અશુભ નક્ષત્રોમાં શનીને સબંધ કરે છે

શુભ પીરીયડમાં સુક્ષ્મ જોવા માટે મંગળના શુભ નક્ષત્રનું ભ્રમણ જોવું.

અશુભ પીરીયડમાં સુક્ષ્મ જોવા માટે મંગળનુ અશુભ નક્ષત્રનું ભ્રમણ જોવું.

શુભ એટલે કે દરેક રીતે અનુકુળતાપણું પ્રાપ્ત થવું.

અશુભ એટલે દરેક રીતે પ્રતિકુળતાપણું પ્રાપ્ત થવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાદશાની વિશેષ સમજૂતી

ગુરૂ અને શની શુભ નક્ષત્રોના ભ્રમણ ઉપર હોય ત્યારે ઘણો સારો વખત ગણાય.

ગુરૂ અને શની અશુભ નક્ષત્રોના ભ્રમણ ઉપર હોય ત્યારે ઘણી જ તકલીફો ઉભી થાય છે. પ્રતિકુળતાઓ ઉભી થાય છે.

શની શુભ નક્ષત્રોના ભ્રમણ ઉપર હોય અને ગુરૂ અશુભ નક્ષત્રોના ભ્રમણ ઉપર હોય ત્યારે મધ્યમ પીરીયડ ગણાય.

ગુરૂ અશુભ નક્ષત્રોના ભ્રમણ ઉપર હોય અને શની શુભ નક્ષત્રોના ભ્રમણ ઉપર હોય ત્યારે મધ્યમ પીરીયડ ગણાય.

દરેક વખતે સુક્ષ્મ જોવા માટે મંગળના શુભ અશુભ નક્ષત્રોનું ભ્રમણ જોવું. અને એથી વિશેષ સુક્ષ્મ જોવા માટે અંતરદશાના પીરીયડના દીવસો જોવા. આ પદ્ધતિ નવી છે. પણ એક વખત સમજ્યા પછી ઘણી જ સહેલી લાગશે.

આયુષ્ય માટે જાણવાની ઈચ્છા આ વર્તમાન યંત્રવાદ જમાનામાં કોઈએ કરવી તે યોગ્ય નથી દાખલા તરીકે એક દીવામાં બાર કલાક ચાલે તેટલું તેલ પુરીને પ્રગટાવી મુકી રાખીએ તો તે બાર કલાક ચાલશે. પણ તેને જો સુરક્ષીત સ્થળે મૂકવામાં ન આવે તો પવનના એક ઝપાટે દીવો ઓલવાઈ જાય છે. દીવામાં તેલ હોવા છતાં દીવો ઓલવાઇ ગયો તેમ માનવજીંદગીનું જીવન છે. અતિપ્રવૃત્તિ મય જીવનમાં અને યંત્રમય જીવનમાં ક્યારે શું થશે તે કલ્પવું માનવજ્ઞાનથી પર છે. આહાર વિહાર અને પ્રવૃત્તિ જેટલી નિયમિત અને મર્યાદિત તેટલું જીવનનું આયુષ્ય પુર્ણ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાદશા વિષેની વિશેષ સમજુતી

લયકારક શનીના ભ્રમણમાં જન્મના પડેલા ગ્રહો જે નક્ષત્રો ઉપર હોય તે નક્ષત્ર ઉપરથી શનિનું ભ્રમણ ચાલતું હોય ત્યારે તેટલો વખત પ્રતિકુળપણાનો હોય છે.

સ્થિતિકારક ગુરૂના ભ્રમણમાં જન્મના પડેલા ગ્રહો જે નક્ષત્રો ઉપર હોય તે નક્ષત્ર ઉપરથી ગુરૂનું ભ્રમણ ચાલતું હોય ત્યારે તેટલો વખત અનુકુળતાપણાનો હોય છે.

જન્મનો શની જે નક્ષત્ર ઉપર હોય તે નક્ષત્ર ઉપરનું ગુરૂનું ભ્રમણ અને જન્મનો ગુરૂ જે નક્ષત્ર ઉપર હોય તે નક્ષત્ર ઉપરનું શનીનું ભ્રમણ આ સિદ્ધાંતને લાગુ પડતું નથી; પણ જીવનમાં મોટો ફેરફાર થાય છે. એકાંત દ્રષ્ટીથી કોઈ નિર્ણય થઈ શકતો નથી વક્રી અને માર્ગીપણાના ભ્રમણમાં અનેકાંત દ્રષ્ટીનો ઉપયોગ કરવો જોઈએ વળી રાહુનું ભ્રમણ લક્ષમાં રાખવું જોઈએ. રાહુ અનુકુળતાને પ્રતિકુળતામાં અને પ્રતિકુળતાને વધારે પ્રતિકુળતામાં ધસડી જાય છે. આ નિયમ લક્ષમાં રાખી માનવજીવનમાં સદાચારી જીવન જીવવાના ધ્યેયથી જીવન વ્યવહાર ચાલતો હોય તો પ્રતિકુળતાઓમાંથી પાર ઉતરી જવાય છે. ધ્યેય વધરના જીવનમાં જ્યારે જીવન વ્યવહાર ખોરવાઈ જાય છે ત્યારે આ અદ્રસ્ય શક્તિનાં પ્રભુત્વપણાનું ભાન થાય છે. તે ઘણું મોડું હોય છે. માનવજીવનમાં સદાચારીપણું એ આ અદ્રસ્ય શક્તિના નિયમોનું શિસ્તપાલન છે. ઇતિશુભમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગ્રહોના પ્રભુત્વથી માનવજીવન આરોગ્યની દ્રષ્ટીએ સાવધાનતા રાખવાની આવશ્યકતા.**

શની જેની જન્મ કુંડળીમાં ૪, ૮, ૧૨, જળતત્ત્વની રાશીમાં હોય. તેને મીઠારસનું પ્રમાણ વધારે ઉત્પન્ન થાય છે.

શની જેની જન્મ કુંડળીમાં ૧, ૫, ૯, ની અગ્નિતત્વની રાશીમાં હોય તેને ખાટો રસ પ્રમાણ કરતાં વધારે ઉત્પન્ન થાય છે.

શની જેની જન્મ કુંડળીમાં ૩, ૭, ૧૧,ની વાયુતત્વ રાશીમાં પડયો હોય તેમાં તુરો રસ પ્રમાણ કરતાં વધારે ઉત્પન્ન થાય છે.

શની અને સુર્યની યુતી ખાટો રસ ઉત્પન્ન કરે છે.

શની અને ચંદ્રની યુતી મીઠો રસ ઉત્પન્ન કરે છે.

શુક્ર અને ચંદ્રની યુતી મીઠો રસ ઉત્પન્ન કરે છે.

| | | | |
|---|---|---|---|
| મંગળ અગ્નીતત્વ રાશીમાં | ૧, ૫, ૯, | ઉગ્રપ્રકૃતિ ક્રોધી અતીપ્રવૃતિ |
| મંગળ વાયુતત્વની રાશીમાં | ૩, ૭, ૧૧, | પુરૂષાર્થવાદી આશાવાદી |
| મંગળ પૃથ્વીતત્વની રાશીમાં | ૨, ૬, ૧૦, | સમપ્રકૃતી સમભાવી |
| મંગળ જળતત્વની રાશીમાં | ૪, ૮, ૧૨, | ઠંડી પ્રકૃતિ આળસુ નીરાશાવાદી. |

માનવજીવનમાં દેહમાં ૭ રસો સરખા પ્રમાણમાં હોય ત્યાં સુધી આરોગ્ય સારૂં રહે છે.

૧ મીઠો (ગળ્યા) ૨ કડવો
૩ ખાટો ૪ ખારો
૫ તીખો ૬ તુરો

સરવે રસોને સમપ્રમાણ રાખવા માટે હરડે ઉપયોગી છે. શરીરના પ્રમાણ મુજબ જ ઉપયોગ કરવો.

મીઠા રસને શાંત કરનાર ઔષધી **કડુકરીઆતુ, કાળીજીરી, અતિવિષની કળી.**

ખાટા રસને શાંત કરનાર સાકર અને મધ.

તુરા રસને શાંત કરનાર તેજાનો, સુંઠમરી, લવીંગ, તજ ઇત્યાદી.

કડવા રસને ગળ્યો રસ શાંત કરે છે. સાકર, મધ.

ખારા રસને ખાટો રસ શાંત કરે છે. લીંબુ.

તીખા રસને તુરો રસ શાંત કરે છે. આંમળા.

આરોગ્ય શાસ્ત્ર વૈદ્યક શાસ્ત્રના નિયમો અને અનુભવીઓ વૈદ્યોની સલાહ સુચન મુજબ ઉપચાર કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## માનવજીવનમાં જપ, તપ, ઉપાસના સાધના માટે ઉપયોગી મહીનાઓ અને દિવસો

મેષ રાશીનો સુર્ય હોય, ત્યારે મેષ રાશીનો ચંદ્ર થાય ત્યારથી આખો શુકલપક્ષ.

તુલા રાશીનો સુર્ય હોય ત્યારે તુલારાશીનો ચંદ્ર થાય ત્યારથી આખો શુકલપક્ષ.

સીંહ રાશીનો સુર્ય હોય અને કર્ક રાશીનો ચંદ્ર થાય ત્યારથી તુલારાશીના ચંદ્ર સુધી ૪ દિવસો કૃષ્ણ પક્ષના અને ૪ દિવસો શુકલપક્ષના. આ આઠ દિવસ દેહ શુદ્ધિ અને મન શુદ્ધિના દિવસો છે.

"વેરં મજ્જંનકેણઈ"

ધન રાશીનો સુર્ય હોય ત્યારે ધન રાશીનો ચંદ્ર થાય ત્યારથી આખો શુકલપક્ષ સાધના, મંત્ર, તંત્ર, વિદ્યા માટે ઉત્તમ છે.

દર વરસે ચંદ્ર અને સુર્યનું ભ્રમણ ઉપર મુજબ શુકલ પક્ષમાં આવતું નથી. તેથી શુકલ પક્ષના દિવસો ઉપયોગમાં લેવા પણ જે વર્ષે શુકલપક્ષમાં સુર્ય અને ચંદ્ર ઉપર મુજબ શરૂઆતથી જ હોય તે શુકલપક્ષ બહુ જ ઉત્તમ ગણાય છે.

દરેક શુકલ પક્ષમાં ૫, ૧૦, ૧૫, ગુરૂવાર આવે તે દિવસો જપ, તપ અને ઉપાસના માટે ઉત્તમ છે.

અને ઉપરના મહીનાઓમાં ગુરૂપૂર્ણીમા પુનમ ને ગુરૂવાર આવે તે અતિ ઉત્તમ દિવસ છે.

જપ, તપ અને ઉપાસનાના સાધકોએ અગાઉથી ઉત્તમ દિવસો શોધી રાખવા પોતાના જપ, તપ, સાધનાના ઉત્તમ હેતુઓ સફળ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| શની | અને | ગુરૂ |
|---|---|---|
| રાજત્વ | | પ્રાધાન્યત્વ |

જગતના માનવજીવન ઉપર શુભ અને અશુભ પરિણામો એક-સરખા ભોગવવા પડે તેવા યોગો જાણવાની પદ્ધતિ.

શની અને ગુરૂની યુતી દર વીસ વર્ષે થાય છે. જે વર્ષે અગ્નિતત્ત્વની રાશી ૧, ૫, ૯, માં થાય તે વરસે પ્રજા અને રાજ્યની આબાદી થાય છે. કુદરતથી અને રાજ્યથી પ્રજાને શાંતી હોય છે.

શની ગુરૂની યુતી જળતત્વની રાશી ૪, ૮, ૧૨, માં થાય તે વરસે રાજ્ય તરફથી પ્રજાને શોષવું પડે છે. કરવેરાઓથી, હીંસક ગુનાઓથી પ્રજાને હેરાન થવું પડે છે. જળથી, વર્ષાથી, દરિયાઈ તોફાનથી, રાજ્ય અને પ્રજાને બંનેને શોષવું પડે છે.

શની ગુરૂની યુતી પૃથ્વી તત્ત્વની રાશી ૨, ૬, ૧૦, માં થાય તો તે વરસે રસ, કસ, ધન, ધાનની વિપુલતા થાય છે પણ રાજ્ય સાથે પ્રજાને ઘર્ષણ થવાનું મૂળ રોપાય છે. રાજ્ય અને પ્રજા એક-બીજા જીદમાં ચઢે છે.

શની અને ગુરૂની યુતી વાયુતત્ત્વની રાશી. ૩, ૭, ૧૧, માં થાય તો રાજ્ય અને પ્રજાના ઘર્ષણમાં વધારો થાય છે પ્રજામાં પક્ષો વધે છે. સુખશાંતિને બદલે વિચાર વગરના કાર્યો ઉપસ્થિત થાય છે. તેમાં વાયુતત્ત્વવાળા માણસો આગેવાની લે છે. કુદરતી રીતે વર્ષા, ઠંડી અગ્નીનું પ્રમાણ અમર્યાદિત અનિયમીત થઈ જાય છે. માનવ-જીવનની અશાંતી વધતી જાય છે.

આ યુતીના યોગમાં એકાદ સૈકામાં કદાચ સાથે રાહુની યુધ. થઈ જાય તો વિનાશ રાજ્યનો બદલો થવાના યોગ ઉભા થાય રાજ્યો સાથે રાજ્યોનું ઘર્ષણ થવાથી માનવજીવન ઘણું દુઃખમય બની જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શની** અને **રાહુ**
રાજસ્ત્ર ઉપદ્રવકારક

જગતના માનવજીવન ઉપર કુદરતી અને રાજ્યથી ઉથલપાથલ થવાના ઉપદ્રવો થાય છે.

શની અને રાહુની યુતી દર ૧૧ થી ૧૨ વર્ષના સમયમાં થાય છે.

આ યુતી જળતત્વની રાશી ૪, ૮, ૧૨, માં થાય તો તે વરસે હીંસક બનાવો બને છે રાજ્ય રાજ્ય સાથેની લડાઈ, અતિવૃષ્ટી, રોગચાળો, ભૂકંપ, રાજ્ય અને પ્રજાનું ઘર્ષણુ, ઉપદ્રવો અનર્થોથી માનવજીવન અશાંતીમય બની જાય છે.

પૃથ્વીતત્વની રાશી ૨, ૬, ૧૦, માં થાય તો તે વરસે રાજ્ય અને પ્રજાનું ઘર્ષણુ થાય છે. તેથી પ્રજાને શોષવું પડે છે.

વાયુતત્વની રાશી ૩, ૭, ૧૧, માં થાય તો તે વરસે વાયુ મંડળના ઉત્પાતોથી પ્રજાને ત્રાસ થાય છે. રાજ્યનું અસ્થીરપણું સુચવે છે. હવાઈ વહેવારમાં અકસ્માતો બને છે.

અગ્ની તત્વની રાશીમાં થાય તો તે વરસે અગ્નીથી ચાલતાં યંત્રો ફાટે છે. વિજ્ઞાન માનવજીવનને વિનાશ કરનારૂ બને છે. યાંત્રીક સાધનોના અકસ્માતો બને છે. અગ્નીનો ઉપદ્રવ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાશી અને નક્ષત્રો

| ૧ મેષ | | ૫ સીંહ | | ૯ ધન | |
|---|---|---|---|---|---|
| અશ્વની | ૧૩-૨૦ | મઘા | ૧૩-૨૦ | મૂળ | ૧૩-૨૦ |
| ભરણી | ૧૩-૨૦ | પૂ-ફા. | ૧૩-૨૦ | પુ-ષા. | ૧૩-૨૦ |
| કૃતીકા | ૩-૨૦ | ઉ-ફા. | ૩-૨૦ | ઉ-ષા. | ૩-૨૦ |
| ૨ વૃષભ | | ૬ કન્યા | | ૧૦ મકર | |
| કૃતીકા | ૧૦ | ઉ-ફા. | ૧૦ | ઉ-ષા. | ૧૦ |
| રોહીણી | ૧૩-૨૦ | હસ્ત | ૧૩-૨૦ | શ્રવણ | ૧૩-૨૦ |
| મૃગસર | ૬-૪૦ | ચીત્રા | ૬-૪૦ | ધનીષ્ટા | ૬-૪૦ |
| ૩ મીથુન | | ૭ તુલા | | ૧૧ કુંભ | |
| મૃગસર | ૬-૪૦ | ચીત્રા | ૬-૪૦ | ધનીષા | ૬-૪૦ |
| આદ્રા | ૧૩-૨૦ | સ્વાતી | ૧૩-૨૦ | સતભીષા | ૧૩-૨૦ |
| પુનર્વસુ | ૧૦ | વીશાખા | ૧૦ | પૂ-ભા. | ૧૦ |
| ૪ કર્ક | | ૮ વૃશ્ચીક | | ૧૨ મીન | |
| પુનર્વસુ | ૩-૨૦ | વીશાખા | ૩-૨૦ | પૂ-ભા | ૩-૨૦ |
| પુષ્ય | ૧૩-૨૦ | અનુરાધા | ૧૩-૨૦ | ઉ-ભા | ૧૩-૨૦ |
| અસલેષા | ૧૩-૨૦ | જેષ્ટા | ૧૩-૨૦ | રેવતી | ૧૩-૨૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશક

પ્રેમચંદ મ. મહેતા

રાજા મહેતાની પોળ, લક્ષ્મીનારાયણની પોળ,

અમદાવાદ.

સંજીવ પ્રિન્ટરી, રિલીફ રોડ, સલાપસ ક્રોસ રોડ, અમદાવાદ.

For Private And Personal Use Only